Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી

# આત્માનંદ પ્રકાશ

દોહરો.

આત્મવૃત્તિ નિર્મલ કરે, આપે તત્વ વિકાશ;
આત્માને આરામ દે, આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૨ જું. વિક્રમ સંવત્ ૧૯૬૧—અસાડ. અંક ૧૨ મો.

## પ્રભુ સ્તુતિ

ભવિ[૧] ક્ષેત્રો માંહે શ્રુતજલ[૨] સુધા વર્ષણ કરે,
વધારે વેગેથી સમકિતલતા[૩] તાપજ હરે;
મહા જ્ઞાને ગાજે જગતગગને[૪] બોધ રવમાં[૫],
જયી થાયે નિત્યે જિનવર મહામેઘ[૬] જગમાં.

## जीवनप्रदीप.'

ત્રોટક.

[૭]ઉદધિગત નિર્જન દ્વીપ વિષે,
[૮]ક્ષણદા સુપ્રભાત થયા પૂરવે.

૧ ભવિજન રૂપ ક્ષેત્રોમાં. ૨ શાસ્ત્રરૂપ જલ અમૃત. ૩ સમકિતરૂપ લતા. ૪ જગત રૂપ આકાશમાં. ૫ બોધના શબ્દથી. ૬ શ્રી જિન ભગવંત રૂપ મોટો વરસાદ. ૭ એક અંગ્રેજ કવિના કાવ્ય પરથી. ૮ સમુદ્ર. ૯ રાત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નહિં વ્યોમમહીં[1] કહીં દશ્ય યદા,
ઉડુ[2] તારક કે વળી ઇન્દુ[3] પ્રભા;
ઉલકાકર[4] કો ચૂમીને ભૂમિને,
શીત શ્વેત શશી સમ સ્મિત કરે;
સ્મિત–તેહની–તુલ્ય–યથાર્થ ગણો,
ચલ મન્દ પ્રદીપજ જીવનનો;
જસ જ્યોતિ ઝગે ચપળા તરલા,
પદ જ્યાં સુધી છે સબળા જનના.
નવ માનવ પૌરૂષ તું ત્યજતો,
શીત ઉષ્ણ ભવાટવીમાં ભ્રમતો;
(તો) દુઃખ વાદળ તું પર જે ઝઝુમે
થઈ વ્યસ્ત[5], સમસ્ત દિ[6] સ્વચ્છ[7] બને;
નહિં બંધ તથા નહિં મોક્ષજ જ્યાં,
(પણ) રમવાનું સદા નિયતિ–જગમાં.

## વસંત તિલકા.

આ વિશ્વને સકળ જ્ઞાનની ધાત્રી[8] જાણો;
આ જગતને અનુભવ પ્રસવા[9] પ્રમાણો;
ત્યાં ધૈર્યકે સુદઢતારસના[10] ન ધારે,
ત્રાસે[11] જનો મરણવાત તણા પ્રહારે;

---

૧ આકાશ. ૨ નક્ષત્ર ૩ ચંદ્રમા. ૪ તેજસ્વિજ્યોતિ. ૫ વીખરાઇ જઇને ૬ દિવસ. (અહિ) જીવન. ૭ મેઘરહિત. [અહિ]દુઃખરૂપી મેઘરહિત. ૮ માતા–ઉત્પત્તિ સ્થાન ૯ અનુભવનું ઉત્પત્તિ સ્થાન. ૧૦ કટિ મેખલા–કંદોરો. દઢતા રૂપી કંદોરો. ૧૧ ભય પામે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણે નહિં તનુ ગયે સહુ જ્ઞાન આદિ,
માયાત્મકપ્રગુઢવત્ રહેશે જણાઈ.
રે'શે સમાધિનું નિગુઢ રહસ્ય ત્યાંતો,
આ દેહબંધ વિણ સર્વ હયાત ત્યાંજો.
ચારૂ વિલોચન અને વળી કાન્ત કર્ણો,
સૂણી વિલોકી નહિં કોઈ શકે સુવર્ણો.
કો'કો શકે કથી કથા જડ મૃત્યુ કેરી?
ભાવિસ્વરૂપ પ્રકટે નથી બુદ્ધિ એવી[1]
આ લોલ લોકવિ નિવાસ વિષે વસેલા,
વા'લા વિયોગજ દુઃખોથી અતિ તપેલા—
જે ચિત્ત—તે કહીં કદાપિ શું વર્ણનીય,
આવી કવે[2] કવિવરો કદિ સ્વર્ગથીય?

## ગીતિ.

ભાવિતણી પ્રત્યશા, વર્ત્તમાનનો ભય તેમજ પ્રેમ;
નહિં નહિં નિરખી શકે કો—ભાષે શાણા સજ્જન મન એમ.

મોતીચંદ ઓધવજી.

ભાવનગર.

# બેંગાલી મત સમીક્ષા.

આવું હેડિંગ વાંચવાની સાથેજ કેટલાક લોકો ચકિત થશે કે જેમ ઇસાઇમત સમીક્ષા, દયાનંદ મત સમીક્ષા, વિગેરે સમીક્ષાઓ

---

૧ ભાવિ સ્વરૂપ પ્રકટી શકે એવી બુદ્ધિ—એવા બુદ્ધિશાળી પુરૂષો ક્યાંયે નથી.
૨ કાવ્ય કવિતા કરે, વર્ણન કરે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મ પામીછે તેમ આ વળી બેંગાળી મત સમીક્ષા નીકળી તો શું બેંગાળી એવો કોઈપણ ધર્મ યા પંથ છે? નહિ! ભડકશો નહિ, તેવું તો કાંઇજ નથી, પરંતુ સ્હેજ એક અન્ય ધર્મીભાઈ જૈન ધર્મના ગહન તત્વનો યથાર્થ ન્યાય આપવામાં કેવાં ગોથાં ખાઇ જાયછે તેનું માત્ર અત્ર દિગદર્શન કરાવવામાં આવનાર છે. બેંગાલી એવો કોઈ ધર્મ પંથ યા મત નથી. પરંતુ બેંગાલી પુરૂષ જેનું નામ રમાનાથ સરસ્વતી એમ. એ. છે તેણે બેંગાલી ભાષામાં એક ચરિમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીનું સંક્ષિપ્ત જીવન ચરિત્ર લખ્યું છે, અને તેમાં કોઇ કોઈ સ્થળે "Man is liable to err." એ ન્યાયે, યથાર્થ વક્તાની પંક્તિમાં ગણાવાની ઇચ્છા ધરાવતાં છતાં તે ભાઇ પોતાના હસ્ય બિંદુથી ચૂકયા છે, અને કેટલીએક હાંસી પાત્ર ભૂલ ખાધી છે. તેનું અત્ર કાંઈક આલેખન સુજ્ઞ વાંચકોની સેવામાં રજુ કરીશ; અને એટલીજ વિનંતી કરીશ કે સ્વધર્મ પ્રેમી જૈન બંધુઓ જાગ્રત થાઓ, ચોપાસ દૃષ્ટિ ફેરવો, અને તમારા તરણ તારણ સત્ય જૈન ધર્મની પર આક્ષેપ થતાં જોઈ આંખ આડા કાન કરી બેસી રહો નહિ. સ્વાભાવિકજ છે કે અન્ય ધર્મીઓ તો તમારા સ્યાદ્વાદ મતનું રહસ્ય ભાગ્યેજ સમજી શકે, અને તેથી તેઓ પોતાના વિચાર તે વિષે દર્શાવતાં ગોથું ખાઈ જાય, તો તેમાં કશું આશ્ચર્ય નથી. પરંતુ વધારે આશ્ચર્યનો વિષય એ છે કે કેટલાક એવા પણ આપણા જૈન ધર્મી ભાઈઓ જાગ્યા છે કે જેઓ પોતાના શાસ્ત્રમાં રહેલું રહસ્ય યથા તથ્ય નહિ જાણી શકવાથી ગંભીર ભૂલ ખાઈ જાયછે. અને આ પ્રમાણે શાસ્ત્ર શસ્ત્રરૂપ થઈ પડવા સાથે તેઓ પોતાના પગ ઉપર કુહાડી મારતાં પણ પાછું વાળી જોતાં નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ પ્રમાણે બનવું આપણા કેટલાક અર્ધ દગ્ધ યુવાનીઓના સંબંધમાં સભવિત છે તેઓ શાસ્ત્ર સમજવાની કડાકુટને બાજુએ મૂકી એકદમ મહાન્ લેખકની પદવીને સંપાદન કરવા મચી પડેછે. અને પછી ઓડનું તાડ વેતરી નાંખેછે.

તેવા લેખકોનું વિવેચન આ પછીના લેખમાં કરવામાં આવશે. પરંતુ આ સમયે તો આપણા ધર્મ વીર પરમાત્મા મહાવીર સ્વામીનું જીવન ચરિત્ર બેંગાલી ઉપરથી ગુજરાતી ભાષાંતર રૂપે મારા વાંચવામાં આવ્યાથી મને ઘણો અચંબો થયોકે આહા! જૈન ધર્મને માટે મત બાંધવો અગર અભિપ્રાય આપવો તે વિદ્વાન પુરૂષોને માટે પણ કેવું દુષ્કર કાર્ય થઈ પડેછે? જૈન ધર્મના ગહન તત્વો યથાર્થ સમજવાને આપણા સ્વધર્મી બંધુઓ, ગ્રેજ્યુએટો પણ ભાગ્યશાળી તથા સમર્થ થઇ શકતા નથી, તો આ જમાનાના કેટલાક પાશ્ચિમાત્ય વિદ્વાનો કે જેઓના જન્મથી સંસ્કારોજ કાંઇ ઓર પ્રકારના હોયછે, તેમજ અન્ય મતાવલંબી વિદ્વાનો કે જેઓનાં હૃદય પુરાણ વિગેરેની વાતો સાંભળીને ભ્રમીત થઈ ગયા હોયછે, તેઓ જૈન ધર્મની ગહન ખુબીદાર વાતોને કેવી રીતે પચાવી શકે? પચાવીને તેના ઉપર ઉહાપોહ કરી શકે? સારાંશકે સ્યાદ્વાદ શૈલીને સંપૂર્ણ સાંગોપાંગ સમજી શકે નહિ. આનું પરિણામ એ આવેછે કે ગાડરીયા પ્રવાહની માફક જેમ એક વિદ્વાને મત દર્શાવ્યો તેમ બીજો આપણો આર્ય અથવા અનાર્ય ભાઈ સ્વીકાર કરી લે. પરંતુ સ્વબુદ્ધયનું સાર જૈન ધર્મનું મહત્વ અને રહસ્ય શોધી કાઢનાર તો ભાગ્યેજ કોઈ વિરલ હોઇ શકે. કેટલાએક દેશી અને પરદેશી વિદ્વાનો સ્યાદ્વાદરૂપી સમુદ્રમાં પોતાના ક્ષુદ્રજ્ઞાન રૂપી હોડીથી ઝુકાવેછે, અને સ્યાદ્વાદ લહેરીમાં મોજા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણવા માટે હલેસાં મારતાં આગળ વધે છે. પરંતુ સ્યાદ્વાદ રૂપી મહા અર્ણવનો પાર પામવો મહા મુશ્કેલ હોવાથી, કેટલાક તો બિચારા અધવચેજ આવી ઝંપાપાત કરે છે, કેટલાક ડૂબે છે, શ્રદ્ધા ભ્રષ્ટ થાય છે, અને આવી કફોડી સ્થિતિમાં આવતાં તેઓ ધોબીના કૂત્તાની પેઠે ઘરના અગર ઘાટના રહેતા નથી. અને ઉભય ભ્રષ્ટ થઇ ત્રિશંકુની પેરે અધર લટકે છે. પરંતુ જેમ જેમ દ્રઢ મત અને બુદ્ધિ-વાળો મનુષ્ય ઊંડો ઊંડો ઉતરતો જાય છે, તેમ તેમ તેને જૈન ધર્મની અપેક્ષાઓ, ગુહ્ય તત્વો, ખૂબીઓ અને તે ઉપરાંત જૈન શાસ્ત્ર-કારોની પવિત્રતા અને નિષ્પક્ષપાતતાનો ખ્યાલ ધીરે ધીરે આવવા લાગે છે. All that glitters is not gold (ઉજળું એટલું દૂધ નહિ.) તે પ્રમાણે બીજાં કેટલાક બ્રહ્મ વિદ્યા તથા મેસ્મેરીઝમ બતાવવાનો ફાંકો ધરાવનારા ધર્મો નીકળ્યા છે, અને સત્યતાનો દાવો ધરાવે છે. પરન્તુ જો તેવા અન્ય ધર્મના વિદ્વાનો એક વખત જૈન ધર્મના સંપૂર્ણ તત્વવેત્તા સાથે વાદવિવાદમાં ઉતરે તો તરત તેઓનું પોકળ પ્રકાશ થઈ જાય અને ભ્રમ દૂર થઈ જાય. પરન્તુ અફસોસનો વિષય છે કે પંચમ કાળને પ્રભાવે તેવા વક્તા અને શ્રોતાનો અભાવ જોવામાં આવે છે. લોકો ઉપર જુલમ, દુષ્કાળ મરકી તથા વહેમો વિગેરેના ક્રૂર અને સખ્ત સપાટા પડવાથી ધર્મનું શોધ કરવાનું વિસારે પડયું છે. લોકો પોતાના ચિંતામણી સમાન ધર્મ પર બેદરકારી કરવા લાગ્યા છે; કેટલાક લોકો સ્નાન કરવામાંજ ધર્મ માને છે તો કેટલાક વ્યભિચારમાં, કેટલાક માંસ મદિરાદિ અભક્ષ્ય ભક્ષણમાં, તો કેટલાક એવા પણ પામર પડેલા છે કે જેઓ જન્મ ભરમાં ધર્મનું નામ પણ વિસારી મૂકી ગાડી વાડી અને લાડીના મોજશોખમાં પડયા રહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુગલ વિગેરે રાજ્યમાં ધર્મનો પ્રલયકાળ વર્તાયો તે વખત પછી લોકો ધર્મનું એક એક અંગ પકડી ભિન્ન ભિન્ન પણે વર્તવા લાગ્યા. પરંતુ છેવટે સર્વને માનવાનો વખત આવશે કે હમેશાં સ્યાદ્વાદ વિના સિદ્ધિ થવાની નહિં. એકાંત વાદને ધારણ કરનારા કોઈવાર ન્યાય યુક્ત કહી શકાય નહિ. કહ્યુંછે કે—

आरंभोन्याय युक्तोयः सहिधर्म इति स्मृतः
अनाचार स्त्व धर्मेति एतच्छिष्टानु शासनं

અર્થ—જે કાર્ય આરંભથીજ ન્યાય યુક્ત હોય તેજ ધર્મ અને જે અનાચાર તે અધર્મ કહેલ છે. એ શિષ્ટ પુરૂષોનું વચન છે. પરંતુ ખેદનો વિષય છે કે લોકો આવા સર્વોત્તમ ચિંતામણી સમાન ધર્મ પર બેદરકારી કરવા લાગ્યા. તેઓના ઉત્તમ સિદ્ધાંન્તો ઉદ્ધઈનો ભોગ થવા લાગ્યા. તેઓ પરસ્પર બખડા બખડીમાં આવી પાતળા પડવા લાગ્યા અને પોતાના વાડા સાચવી બેસી રહેવામાંજ મહત્વ માનવા લાગ્યા, બહાર દૂર દ્રષ્ટિ ફેંકી જોવાની લાયકાતને ગુમાવી બેઠા. કૂપ મંડૂકને શું માલૂમ કે જગદ્દભરમાં શું બનેછે? ધીમે ધીમે સાંકડા વિચારવાળા અશ્રદ્ધાળુ ભ્રમિત લોકોના બનાવેલા ગ્રંથોની અસર સ્વધર્મીઓ પર જામવા લાગી. અને તેથી તેઓ પણ સ્વશાસ્ત્રો પર પોતાની દ્રષ્ટિ સ્વતંત્ર ફેરવી જવાની કમ તાકાદથી તે લોકોમાં વિશ્વાસ રાખવા લાગ્યા. અને છેવટે પાશ્ચિમાત્ય કરેછે તે ઠીક છે એમ અંતઃકરણથી માનવા લાગ્યા. આ ઉપરથી કેટલાક આજ કાલના ઇંગ્લિશ ભણનારા એવો સવાલ ઉઠાવશે કે અમે તો અંગ્રેજ લોકો આપણા ધર્મ ઉપર જે આક્ષેપો કરેછે તેનાથી તદ્દન વિરૂદ્ધ છીએ. ત્યારે તેના પ્રત્યુતરમાં એજ કહેવું પડશે કે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમો ઊંધું વાલી ખુણામાં કેમ બેસી રહોછો ? બહાર પડો અને દુનિયા ભરને તમારા ધર્મમાં રહેલા તત્વનો પ્રકાશ આપી હેરત પમાડો. ખાતરી રાખો કે જેમ જૈન ધર્મનો ઝુંડો શ્રી મહાવીર, હેમાચાર્યજી, હીરવિજયજી સૂરિ વિગેરે એ ભારત ભૂમિમાં ઉન્નત કરી વિજય વાવટો ફરકાવ્યો, અને એક છત્ર જૈન ધર્મ કરી મૂકયો. તેમ તમે પણ ખચીત માનજો કે જો તમે સાચી નિષ્ઠાથી શ્રદ્ધા પૂર્વક જૈન ધર્મના તત્વોનું મનન અને અભ્યાસ કરી બહાર પડો તો થોડા વખતમાં જૈન ધર્મનું પાણી દુનિયા ભરને જણાવી શકો. ફક્ત શ્રદ્ધા, બુદ્ધિ, અને હિંમતની જરૂર છે. તેના વિના કોઇ કાર્ય સાધ્ય નથી. ગ્રેજ્યુએટો, સજજ થાઓ. વિદ્યા ભણ્યાનું સાર્થક કરો. નહિ કરોતો પછી ભણ્યા અને ન ભણ્યામાં ભેદ શું ? વિદ્યા ભણ્યાનું ફળ દેશની ઉન્નતિ કરવી, અને લોકોને પોતાના ધર્મના ઉમદાતત્વોનું આસ્વાદન કરાવવું તેજ છે. પેટતો આ આલમમાં આવીને કોણ ભરતો નથી ? સ્વાર્થમાંતો ક્ષુદ્ર પ્રાણી પણ મજા માની શકેછે. પરંતુ કાંઇ પરમાર્થ સાથે વિજય ડંકો બજાવવો એ ખરી જૈન ધર્મ શૂરની ફરજ છે. જે માણસ માન અપમાનની ઓછી દરકાર રાખેછે તેજ આખરે આ દુનિયામાં કાંઇ પણ ઉદ્ધાર કરી જાયછે. કારણકે ' **श्रेयांसि बहु विघ्नानि** ' શુભ કાર્યમાં કેટલાક ઇર્ષાળુ લોકો વિઘ્ન ભૂત પણ થઇ પડે છે. પરંતુ તે સઘળા વિઘ્નો માંથી પસાર થઇ મરહુમ ગાંધી વીરચંદ રાઘવજીની પેઠે જૈનધર્મના તત્વો ઉપર કાબુ મેળવી સ્વપર મુલકમાં જઇ પાશ્ચિમાત્ય વિદ્વાનોની આંખો ઉઘાડો. પ્રથમ તો પાશ્ચિમાત્ય વિદ્વાનો જૈનધર્મને એક બૌદ્ધ ધર્મની શાખા માનતા હતા, અને તેમ માનવાનું પ્રબળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણ મુગલાઈ રાજ્યની અમલદારીમાં ઉમદા જૈન શાસ્ત્રનો નાશ થયો તેજ હતું. પરંતુ આંગળીને ટેરવે ગણી શકાય તેટલા અવશેષ રહેલા શાસ્ત્રો પરથી પણ સત્ય શોધક બ્રિટિશ રાજ્યની અમલદારી એટલું તો સિદ્ધ કરી શકીછે કે જૈન ધર્મ બૌદ્ધ ધર્મ કરતાં પ્રાચીન છે એટલુંજ નહિં બલ્કે વેદ વ્યાસની પહેલાં પણ જૈન ધર્મની જાહોજલાલી જગ જાહેર હતી. મહાવીર સ્વામીથીજ ધર્મની પ્રવૃતિ થઈ હતી અને તેજ પુરૂષ મૂળ પુરૂષ હતા એવું માનનારના મતને પરાસ્ત કરવામાં આવ્યોછે, અને તેની જગ્યો હવે આજ કાલના હરમન જેકોબી જેવા વિદ્વાને મેળવીછે. તેઓ પાર્શ્વનાથજીની હયાતી તેઓના શિષ્યો નિગ્રંથો અને ત્યાંથી ચાલતી આવતી કેટલાક ગચ્છોની પટ્ટાવળી પણ મેળવી શક્યાછે. અને વિશેષ્ય શોધક બુદ્ધિ ક્રમે ક્રમે એટલું પણ શોધી શકશે કે જૈન ધર્મ આદિશ્વર ભગવાનથી આ અવસર્પિણીમાં ચાલતો આવ્યો છે; અને તદુપરાંત જૈન ધર્મની જેટલી હેરત પમાડે તેવી વાતો છે તે ફક્ત Mytho'ogy છે એમ નથી પરંતુ તે ખરેખર Historical fact છે એમ તેઓને સ્વીકારવાનો વખત આવશે. આ ધર્મવીરનું ચરિત્ર લખનાર બેંગાલી બાબુ પણ કેટલેક ઠેકાણે કહેછે કે ' એવી Tradition ચાલેછે ' પરંતુ જો તે અગર બીજા વિદ્વાનો પોતાની જ્ઞાન ચક્ષુને જરા વધારે વિસ્તારમાં ફેલાવશે તો તેમના અજ્ઞાન તિમિરનો તરત લય પામી જશે, અને જેને તેઓ Tradition માનેછે તેને એક વખત Fact તરીકે સ્વીકારવાની તેઓને અગત્યતા જણાશે એ નિ:શંક છે સત્ય આંખ આગળ ખડું થશે ત્યારે જગત્‌માં જૈન ધર્મ સત્ય અને સર્વોત્કૃષ્ટ છે એવું તેઓને ભાન થશે. આ લખાણ ધર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનુમથી અગર પક્ષપાત પણાથી લખવામાં આવ્યું નથી પરંતુ મધ્યસ્થપણાથી જિજ્ઞાસુનરો તેમાંથી કાંઇ સાર પામી શકે તેવા હેતુથી કરવામાં આવ્યુ છે; તેમાંથી સર્વે ધર્મી ભાઈઓ હંસ ચંચુ ન્યાયે સાર ગ્રહણ કરે એવો ઉદ્દેશ છે.

હવે આપણે આપણા મૂળ પોંઇટ ઉપર આવશું અને બેંગાલી પુરૂષ મી. રમાનાથ સરસ્વતી એમ. એ.એ આવા સ્હેજ જીવન ચરિત્રનો યથાર્થ ચિતાર આપવામાં કેવી ઠોકર ખાધીછે, તેની કાંઇક સભ્ય વાંચકો સન્મુખ સમીક્ષા કરી મારૂ લખાણ ખતમ કરીશ, અને જૈન ધર્મી ભાઈઓને એક દાખલો પૂરો પાડીશું, અને સિદ્ધ કરી આપશું કે જો એક વધતા શત્રુ અગર વ્યાધિની શરૂથી દરકાર લેવામાં ન આવે તો તે આગળ ઉપર જતાં ભયંકર રૂપને પકડેછે. ઉપર કહેલા રમાનાથ સરસ્વતી એમ. એ. પ્રણિત બેંગાલી આર્ય જીવન ચરિત્ર માળાનું ભાષાંતર ગુજરાતીમાં મી. નારાયણ હેમચંદ્રે કરેલુંછે, અને તે પુસ્તકમાં છેલ્લું ચરિત્ર શ્રી મહાવીર સ્વામીનું આપેલું છે. તેમાં તે બેંગાલી મહાશયની ભૂલો નીચે મૂજબ છે.—

પાનું–૨૦૬–પંક્તિ ૨ થી.

( ૧ ) "કિયો માણસ જૈન ધર્મનો પ્રવર્ત્તક હતો તેનો નિશ્ચય કરવો ઘણોજ કઠણ છે. હાલના કાળનો પહેલો અર્હત્ રૂષભદેવ હતો પરંતુ જૈન શાસ્ત્રકારોએ રૂષભદેવની પહેલા બીજા અર્હતોનું વર્ણન કરેલું છે. ત્યારે **રૂષભદેવને કદી પણ જૈન ધર્મનો પ્રવર્ત્તક કહી શકાશે નહિ.** પૂર્વ કાળનો પ્રથમ અર્હત કેવળજ્ઞાની જો ધર્મનો ફેલાવો કરનારો હોતતો જૈનો તેમની પૂજા કરત અને ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવર્ત્તક તરીકે માનત. પરંતુ જૈનો તેની પૂજા પણ કરતા નથી; અથવા તેમને ધર્મનો સ્થાપનાર પણ માનતા નથી. કોઈ સમયમાં તેની પૂજા થતી હતી કે નહિ તેની શોધ મળતી નથી. એટલા માટે જ્યારે પૂર્વકાળના પહેલાં અર્હંત જૈન સાંપ્રદાયમાં માન્ય ગણાયલા નથી, ત્યારે તેમને કાંઇપણ કારણથી જૈન ધર્મના સ્થાપનાર કહી શકાતા નથી. હાલના જૈનો પણ કેવળ કેટલાક અર્હંતની પૂજા પણ કરતા નથી; તેઓમાં મતભેદ નજરે પડેછે. કોઇ શ્રેણી પાર્શ્વનાથને પૂજે છે, અને કોઈ શ્રેણી મહાવીરની પૂજા કરે છે. જેઓ પાર્શ્વનાથદેવને પૂજે છે તેઓ પાર્શ્વનાથને જૈન ધર્મનો સ્થાપનાર કહે છે. જેઓ મહાવીરની અર્ચના કરે છે, તેઓ મહાવીરને ધર્મ પ્રવર્ત્તયિતા તરીકે કબૂલ કરે છે. જૈનશાસ્ત્રમાં જિનવંશના વર્ણનની વેળાએ લખ્યું છે;—પાર્શ્વનાથ ત્રેવીશમાં અર્હંત અને મહાવીર ચોવીશમા અર્હંત છે × × × × × × × ×

કલ્પસૂત્રનુસાર આબે બનાવમાં ૨૫૦ વર્ષનું છેટું હતું. પાર્શ્વનાથના શિષ્યો શ્વેત વસ્ત્ર પહેરેછે, પરંતુ મહાવીરના શિષ્યો દિગંબર અથવા નાગા રહેછે. બન્ને ટોળામાં પ્રીતિ નહોતી; બન્ને ટોળાના માણસો એકબીજાને મળતા તો ઝગડો થતો હતો. મહાવીરનો સોબતી ગોશાળ પારસનાથના શિષ્યોની જોડે કેવળ વિવાદ કરતો હતો. વિવાદનું મોટું કારણ પહેરવાનાં કપડાનો ભેદ માત્ર હતો. મહાવીરનું જીવનવૃત્ત મહાવીર—ચરિતમાં વર્ણન કરેલું છે. પાર્શ્વનાથના ચરિતમાં પણ પાર્શ્વનાથના તીર્થંકરત્વ મેળવવાના ઉપયોગી વિષયો વર્ણવેલા છે. એટલામાટે એઓમાં એકજણને પરિત્યાગ કરીને બીજાજણને જૈન ધર્મનો સ્થાપનાર કહેવાને હિંમતવાન નથી. અમારા મતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન ધર્મના આદિ સ્થાપનારનો કાંઈપણપતો મળતો નથી. પરંતુ ઘણાં કાળથી જૈન ધર્મનો મત જનમંડળમાં આલવાનો આરંભ થયા પછી પારસનાથની ઉત્પત્તિ થઈ અને પોતાની શક્તિથી માણસોને પોતાના મતમાં લાવીને પોતાનો સંપ્રદાય ચલાવી ગયો, ત્યાર પછી મહાવીરે પોતાની બુદ્ધિબળથી ઘણાક શિષ્યોને એકત્ર કરીને પોતાના નામની કીર્તિ કરી, અને જનમંડળના ઘણાકો તેમના સંપ્રદાયમાં દાખલ થયા. આવી રીતે સંપ્રદાય ભેદથી બે જણા પ્રવર્ત્તક થયા, પરંતુ ખરી રીતે એઓ પ્રવર્ત્તક નથી. તેઓ જનમંડળના નેતૃ સ્વરૂપ છે. એઓને દલપતિ કહીએ તો એમાં કાંઇ દોષ નથી. જેમ બુદ્ધદેવ બુદ્ધ ધર્મનો સ્થાપનાર છે. તેમ જૈન ધર્મનો કોઇ સ્થાપનાર જોવામાં આવતો નથી. —————— પરંતુ શ્વેતાંબર જૈનો સફેદ વસ્ત્રો પહેરે છે અને પોતાની પાર્શ્વનાથનાં શિષ્યો તરીકે ઓળખાણ આપેછે.

જૈનોમાં સાધરણ તઃ યતિ અને શ્રાવક આ બે સંપ્રદાય છે. યતિઓ ઉદાસીન અને યોગી હોય છે. તેઓ કેવળ ભીક્ષા માગીને પોતાનું પેટ ભરે છે. અને લોકાલય શૂન્ય પ્રદેશમાં મઠ બાંધી રહેછે. યતિઓ સંસાર ત્યાગી અને સ્વલ્પાહારી ક્લેશ સહન કરનારા સન્યાસીઓ માત્ર છે, તેઓ સંસારાશ્રમ ત્યાગ કરીને યતિ થાય છે. તેઓ **દેવપ્રાર્થના વિગેરે કરતા નથી.** જૈન શ્રાવકો + + + + + માં એક જાતનો જાતિ ભેદ ચાલેછે;—વિગેરે વિગેરે" આ પ્રમાણેના લેખનું હવે સમાધાન કરવામાં આવે છે.—

**જવાબ**—જૈન ધર્મની શૈલીથી આ લખનાર મહાશય માહિતગાર હોય તેમ જણાતું નથી જૈન શાસ્ત્રોમાં 'કાળચક્ર' માનવામાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. જેમાં દશ કોડાકોડી સાગરોપમનો એક ઉત્સર્પિણી કાળ થાય છે અને તેટલીજ સંખ્યા પ્રમાણ વર્ષનો એક અવસર્પિણી થાય છે, દરેક ઉત્સર્પિણી અગર અવસર્પિણીમાં છ આરા હોય છે. તેનાં નામ સુખમ સુખમા, સુખમા, સુખમ દુઃખમા, દુઃખમ સુખમા, દુખમાં, અને દુઃખમ દુઃખમા અને ઉત્સર્પિણીમાં તેના કરતાં ઉલટી રીતે ગણવામાં આવે છે. મતલબકે તે અરસામાં કાળ ચડતો ચડતો આવતો જાય છે. ચોથો આરો એક કોડાકોડી સાગરોપમ વર્ષથી ૪૨૦૦૦ વર્ષ ઊણાનો છે. અને પ્રાયઃ તે ચોથા આરામાંજ ચોવીશે તીર્થંકરો આ ભારત ભૂમિમાં જન્મ પામી અંતે નિર્વાણ પદને પામેછે. અને પ્રથમના ત્રણ આરામાં તો યુગળીઆ લોકો વસતા હોવાથી અને કલ્પવૃક્ષાદિની હૈયાતી હોવાથી તેઓને અસિ મસિ કૃષિ વિગેરેના કર્મ કરવાં પડતાં નથી. પરંતુ ત્રીજા આરાને અંતે નાભિકુલકરમાંથી શ્રીઆદિશ્વરભગવાન ઉત્પન્ન થયા, અને તેઓ અવધિ નામના અલૌકિક જ્ઞાન લક્ષ્મી સહિત ઉત્પન્ન થતા હોવાથી, તેઓ લોકોના વ્યવહારમાં ઉપયોગી થઈ પડે તેવા નિયમો ઘડે છે, અને સ્વાભાવિક રીતે કલ્પવૃક્ષ વિગેરેમાં ક્રમશઃ હાની થવાથી પછી જગદ્ વ્યવહારમાં અડચણ ન આવે તેટલા માટે લોકોને નીતિ બતાવે છે, અને વસ્તુ ધર્મનું સ્વરૂપ શું છે તે તેઓને ઉપદેશ દ્વારા સમજાવે છે. વિવિધ ભાષાઓ અને લિપિઓને જન્મ મળે છે. ચોસઠ કળાઓ અને અનેક પ્રકારની લબ્ધિઓનો આવિર્ભાવ થાય છે. આ પ્રમાણે પ્રથમ તીર્થંકર અનંત કાળચક્રથી ચાલતા આવેલા ધર્મની શરૂઆત કરે છે. તેને ચાહેતો જૈન ધર્મ કહો અગર ગમે તે કહો. પરંતુ આ પ્રમાણે અંતરાળમાં બંધ પડી ગએલા એક અનાદિ ધર્મને પુનરુદ્ધાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરનાર પ્રથમ તીર્થંકર થાય છે, અને તેના પછી અનુક્રમે ચોવીશે તીર્થંકરો થાય છે. તેમાં કોઇ કોઇ સમયે તીર્થંકરોના રહેલા આંતરામાં ધર્મનો વિચ્છેદ પણ થઈ જાય છે. પરંતુ જ્યારે તીર્થંકર જન્મ પામે છે ત્યારે પુનઃજૈન ધર્મની જાહોજલાલી થવા પામે છે તેજ પ્રમાણે ક્રમશઃ ત્રેવીશમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ થયેલા છે, અને ત્યારબાદ ૨૫૦ વર્ષે શ્રી મહાવીર સ્વામી થયેલા છે. જેને સઘળા લોકો કબૂલ રાખે છે. માટે દરેક તીર્થંકર જૈન ધર્મના પ્રવર્ત્તક છે એમ કહેવામાં બાધ આવતો નથી. તેમજ આ અવસર્પિણીની અપેક્ષાએ ગણીએ તો શ્રી આદિનાથ મૂળ પ્રવર્ત્તક છે; એમ પણ કહી શકાય છે. કારણકે જે સર્વજ્ઞ એટલે કેવળ જ્ઞાનવાન હોય છે તેઓના સઘળાના મંતવ્યમાં બિલકુલ ફેરફાર હોતો નથી. તેઓની પ્રરૂપણામાં બિલકુલ વિરૂદ્ધતા જોવામાં આવતી નથી. અને આ તીર્થંકરો પણ જ્યારે સમવસરણ પર દેશના આપવા આરૂઢ થાય છે ત્યારે **नमो तीथ्थस्स** એવા શબ્દ ઉચ્ચારે છે. અને તેમની પહેલાં અનંત તીર્થંકરોએ જે ઉપદેશ કરેલા તેજ ઉપદેશ આ તીર્થંકરો પણ કરે છે, અને ચતુર્વિધ સંઘમાં પોતાનું શાસન પ્રવર્ત્તાવે છે, અને આ પ્રમાણે તેઓ પણ અનંત ચોવીશીને નમસ્કાર કરે છે; તો તેમના અનુયાયી જૈનો પણ ભૂત ચોવીશીને નમસ્કાર મી. બેંગાલીના કહેવા પ્રમાણે નથી કરતા તે વાત કેમ સંભવિત હોઈ શકે? આ બાબતમાં મી. બેંગાલીની ભૂલ છે. મી. બેંગાલી કહે છે કે "હાલના જૈનો પણ કેટલાક અર્હંતને પૂજતા નથી." તો અલબત, ઢુંઢક લોકો અર્હંતને માને છે ખરા, પરંતુ તેઓએ અસલ શાસ્ત્રનો અર્થ અવળો કરીને માત્ર મૂર્ત્તિ નહિ માનવાની ધૃષ્ટતા પકડી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે ધર્મનો ફાંટો પણ માત્ર સ્વલ્પ સમયથીજ નીકળેલો હોવાથી તે કાંઈ પાયાદાર પૂરાવો ગણી શકાય નહિ. મી. બેંગાલીના કહેવા પ્રમાણે કોઇપણ એવી શ્રેણી નથી કે જે કેવળ પાર્શ્વનાથનેજ પૂજતી હોય અને મહાવીરસ્વામીને ન પૂજતી હોય, કારણ કે બંને તીર્થંકરો બલ્કે સઘળા તીર્થંકરો જૈન ધર્મી દિગંબર યા શ્વેતાંબરને સમાન રીતે માન્યછે. માત્ર વિશેષતા એટલીજકે શ્રી મહાવીરસ્વામી અંતિમ શાસનાધિપતિ હોવાથી અને સાંપ્રત જૈનો ઉપર તેઓનો ઉપકાર ચાલુ હોવાથી તેઓ વધારે શ્રુતિ પથમાં આવે છે. તો તે સ્વાભાવિકજ છે. ધર્મ પ્રવર્ત્તિયતાતો બેઉ છે. હાલમાં મી. બેંગાલીના કહેવા પ્રમાણે પાર્શ્વનાથજીના તેમજ મહાવીરસ્વામીના શિષ્યો જુદા જુદા વિભાગમાં વહેંચાયેલા હોય તેમ જોવામાં આવતું નથી. અને તે પણ માનવું ભૂલ ભરેલું છે કે શ્વેત વસ્ત્ર પહેનાર ફક્ત પાર્શ્વનાથજીના શિષ્યો છે મહાવીરસ્વામીના નહિ. મહાવીરસ્વામીના શિષ્યો તો શ્વેતાંબર અને દિગંબર બેઉ છે અને તેથી તેઓ એક પિતાના પુત્ર છે. તેમાં કાંઇ વાંધા જેવું નથી. અને તેથી તેઓ એક બીજાને જ્યાં મળે ત્યાં ઝઘડો થતો એ વાત પણ બીન પાયાદાર ઠરે છે. તેઓમાં ફક્ત વસ્ત્ર પહેરવાની બાબતમાં મત ભેદ છે એમ કહેવું વ્યાજબી નથી. પરંતુ શ્વેતાંબર સ્ત્રી પુરૂષ બેઉને મુક્તિને યોગ્ય ગણે છે ત્યારે દિગંબર લોકો સ્ત્રીને મુક્તિ મળતી નથી એમ કહે છે. અને તે વિષયમાં બીજા જુજ આચારમાં પણ ફેર છે. યતિયો દેવ પ્રાર્થના કરતા નથી વિગેરે દેખવાથી ઘણું લખ્યું છે. પરંતુ તેનો પ્રત્યક્ષ સિદ્ધ થઈ શકેછે કે યતિઓ પ્રાર્થના કરેછે કે નહિ ? વળી જૈન ધર્મમાં જાતિ ભેદ ઘણોજ ઓછા પ્રમાણમાં છે એ વિગેરે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દરેક શબ્દે શબ્દનું વિવેચન કરવા બેસીએ તો વાંચનારને પણ કંટાળો આવે એવું ધારી આ પ્રથમ પ્રશ્ન ખતમ કરીએ છીએ.

(૨) ગુજરાતના રહેવાશી ભદ્રબાહુએ ઈ. સ. ૪૧૧ માં કલ્પ સુત્ર રચ્યું હતું. ગુજરાતના ધ્રુવસેન રાજાના સમયમાં ભદ્રબાહુ હતો. એટલામાટે ઈ. સ. પૂર્વે ૫૬૯ માં મહાવીરનું મરણ થયું હતું. ભદ્રબાહુ આવાત ( અર્થાત્ મહાવીરનું મૃત્યુના પછી ૯૮૦ વર્ષમાં કલ્પસુત્ર લખાએલું છે. ) ઉપરથી કેટલું ઐતિહાસિક તત્વ છે તે અમે કહી શકતા નથી.

**સમીક્ષા:**—ભદ્રબાહુ સ્વામી કોના વખતમાં અને ક્યા વર્ષમાં થઈ ગયા તેની પૂર્ણ માહિતી મેળવવામાં આ લેખકે પ્રયાસ લીધો હોય તેમ જણાતું નથી. કારણકે ભદ્રબાહુ મહાવીર સ્વામીની પછી લગભગ બે સૈકા બાદ થઇ ગએલા છે. અને તેથી તેઓ ઇ. સ. પૂર્વે થઈ ગએલા છે. અને તેમણે ઈ. સ. ૪૧૧ માં કલ્પસૂત્ર રચ્યું હતું તેતો તદ્દન અસંભવિત છે કારણકે જે માણસ આશરે ૮૦૦ વર્ષ અગાઉ થઇ ગયા તે ઈ. સ. ૪૧૧ માં કલ્પસૂત્ર રચવા કેવી રીતે આવી શકે ? હા એમ કહ્યું હોત તો ઠીક હતું કે ઇ. સ. પૂર્વે ૪૦૦ વર્ષે કલ્પસૂત્ર રચાયું અને પુસ્તકારૂઢ ઇ. સ. ૪૧૧ માં દેવર્દ્ધિગણ ક્ષમા શ્રમણના વખતમાં થયું કારણકે આ આચાર્યના પહેલા વખતમાં સઘળું દ્વાદશાંગીનું જ્ઞાન જૈન આચાર્યોને કંઠાગ્ર હતું અને તે જ્ઞાન શ્રી મહાવીર સ્વામીથી પરંપરાગત ઉતરી આવેલું હતું, અને તેથીજ જૈન ધર્મનાં શાસ્ત્રો સર્વજ્ઞ પ્રણીત છે એમ માનવાનું સબળ કારણ મળી શકછે.

(૩) મહાવીર ચરિત નામના જૈન ગ્રંથમાં મહાવીરના બહુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જન્મ લેવાનું વિસ્તાર પૂર્વક વર્ણન છે એના ઉપરથી જણાયછે કે સર્વ મળીને આઠવાર મહાવીરે જન્મ લીધો હતો.

**સમીક્ષા**—જૈન શાસ્ત્રમાં એવો લેખ છે કે આ જીવ અનંતા ભવ થયાં ભ્રમણ કરેછે, પરંતુ આ સઘળા જન્મો કાંઇ લેખામાં ગણવામાં આવતાં નથી. પરંતુ જ્યારે જીવને સમ્યક્ત્વ પ્રાપ્ત થાયછે, અને કોઇ ઉત્તમ જીવ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કરેછે ત્યારથી તેનાં ભવ ગણતરીમાં આવેછે. આ પ્રમાણે શ્રી મહાવીર સ્વામીએ ૨૭ ભવ કરેલા એવું વર્ણન શાસ્ત્રમાં જોવામાં આવ્યું છે. પરંતુ આ લેખકના કહેવા પ્રમાણે આઠ વાર મહાવીર સ્વામીએ જન્મ લીધો તે શાસ્ત્રોક્ત નહિં હોવાથી સ્વકપોલ કલ્પિત હોય તેમ જણાયછે.

(૪) ઈંદ્રભૂતિનું બીજું નામ ગૌતમ હતું. આ નામનું સરખાપણું અવલંબીને જૈનો બૌદ્ધ ગૌતમને મહાવીરનો શિષ્યતરીકે બતાવેછે. ઇન્દ્રભૂતિ ગૌતમ ગોત્રથી ઉત્પન્ન થયેલા મગધના રહેવાસી વસૂભૂતિ નામના કોઈ બ્રાહ્મણનો પુત્ર હતો એ વાસ્તેજ તેને ગૌતમ સંજ્ઞા હતી.

**સમીક્ષા**—જૈનો બૌદ્ધ ગૌતમને કદી મહાવીર સ્વામીના શિષ્ય તરીકે બતાવતા નથી. કારણકે બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ બંને અલગજ ધર્મ છે બૌદ્ધ ધર્મ તો ફકત ગૌતમ બુદ્ધથીજ શરૂ થયેલો છે તો જૈન ધર્મઅનાદિથી ચાલતો આવેલોછે. અલબત છેલ્લા મહાવીર સ્વામી તીર્થંકરને ગૌતમ નામના શિષ્ય હતા. પરંતુ તેને ગૌતમ બુદ્ધની સાથે કશો સંબંધ નથી ગૌતમ એવા નામના ચાર પુરૂષો થઇ ગયાછે. તે વાંચકોની જાણને માટે અતરે લખવામાં આવેછે. એક તો શ્રીરામચંદ્રજીના રાજ્યમાં એકવીશ લક્ષ વર્ષ પહેલાં ગૌતમ રૂષિ થઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયાછે, કે જેમની અહલ્યા નામની સ્ત્રી હતી. ત્યારબાદ બીજા ગૌતમ કૌરવ પાંડવના કૃષ્ણ મહારાજના અગર બાવીશમાં તીર્થંકર શ્રી નેમનાથજીના વખતમાં થઇ ગયા છે કે જેમણે ન્યાય શાસ્ત્ર બનાવ્યું છે. જે ષડ્દર્શનમાનું એક દર્શનછે. ત્રીજા બૌદ્ધ ગૌતમ કે જેણે ઇશ્વરવાદનો ત્યાગ કરી કર્મ થીઅરીને જગદ્ રચનાનું કારણ સ્વીકાર્યું અને જેનો મત ભારત ભૂમિમાં અમુક વખત ચાલ્યા પછી શંકરાચાર્યના વખતમાં આ આર્યવર્ત્તમાંથી પરાસ્ત થયો અને હાલ ચીન, જાપાન વિગેરેમાં હૈયાતી ભોગવે છે. અને છેલ્લા ગૌતમ કુળમાં ઉત્પન્ન થયેલા ગૌતમ ગણધર કહેવાયા. તે શ્રી મહાવીરના શિષ્ય હતા અને તેનું અપરનામ અથવા મૂળનામ ઇંદ્રભુતિ હતું તે વિગેરે અગીયાર બ્રાહ્મણ પંડિતોના શંસયનો છેદ શ્રી મહાવીર સ્વામીએ કેવળ જ્ઞાનના પ્રભાવથી કરવાથી તેઓએ તેમની પાસે ચારિત્ર અંગીકાર કર્યું.

(૫) જેવી રીતે મહાવીરના ત્રણ નામ સર્વત્ર વિખ્યાત છે જેવા કે સિદ્ધાર્થ, શ્રેયાંસ. અને યશસ્વી. ત્રીશલાદેવીનાં પણ ત્રણ નામો હતાં. જેમકે ત્રિશલા, વિદેહદિન્ના, અને પ્રીતિકારિણી. પિતા, માતા, અને પુત્રના ત્રણ ત્રણ નામ હતાં તે આશ્ચર્યનો વિષય છે, તેમાં સંદેહ નથી.

**સમીક્ષા**—ખરેખર આ બેંગાલી ભાઈને એકજ માણસનાં ત્રણ નામ સાંભળીને આશ્ચર્ય લાગે તો નવાઇ નથી. કારણકે તેણે કાઈ દિવસ તેની જીંદગીમાં સાંભળ્યું હશે નહિ. અરે ત્રણ તો શું ? તેથી વધારે નામો પણ એકજ માણસ આ જીંદગીમાં તેની અવસ્થા પરત્વે પામી શકેછે, અને તેજ પ્રમાણે શ્રી મહાવીરના ત્રણ નામો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે તે નામો આ ભાઇએ ગણાવ્યા તેથી તદ્દન જુદા છે. તેનો તેમણે કેવી રીતે જોડી કાઢયા તે કાંઇ જણાતું નથી પરંતુ તેમનાં ત્રણ નામમાં (૧) શ્રીમહાવીર, (૨) વર્દ્ધમાન, અને (૩) જ્ઞાતપુત્ર હતાં. તે મારા જાણવામાં છે.

હવે વધારે ટીકા નહિ ચલાવતાં એટલુંજ કહેવું બસ થશે કે આ ગ્રંથમાં તો આ બેંગાલી મહાશયે સ્વાભાવિક ભૂલો કરી છે; અને તે તથા તે ઉપર ભાષાંતર કર્તા બંને મહાશયો હાલ સ્વધામ પહોંચ્યા છે. પરંતુ જો કોઇ આ સમીક્ષામાં કાંઈ ખામી જણાવશે તો તેનો ફરી ઉત્તર આપવામાં આવશે અને અંતે સર્વ સાધર્મી બંધુઓને વિનંતી કરવામાં આવેછે. જે તેઓ પણ આવા કોઈ પણ પુસ્તકપર થયેલા આક્ષેપનો યથા શક્તિ ઉત્તર આપવા ઉદ્યમવંત થશે. તથાસ્તુ.

વિજ્ઞ વરેષુ કિં બહુના ?

**Benares Jain Pathshala**

**Shah Raichand Kasalchand.**

# શ્રીવિમલચંદ્રસૂરિ અને પ્રશ્નોત્તર રત્નમાલા.

## (ગતાંક પૃષ્ટ ૨૬૪થી સાંધણ.)

ઉપરના ત્રણ પ્રશ્નો વિષે સંક્ષેપમાં વિવેચન કરવા ગુરૂશ્રી આ પ્રમાણે બોલ્યા. પ્રિય શિષ્યો આ સંસારમાં અનેક જાતના અનર્થો ક્ષણે ક્ષણે થયા કરેછે. આધિ વ્યાધિ અને ઉપાધિ વડે ગ્રસ્ત થયેલા પ્રાણીઓ સર્વદા અનર્થના ભોગ થઈપડેછે. તે અનર્થના હેતુ પ્રાણીઓએ કરેલા અનર્થના ફલરૂપ છે. ચતુર્વિધ કષાયને વશીભૂત થયે-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લા પ્રાણીઓ બીજા પ્રત્યે જે જે અનર્થ આચરેછે, તે તે અનર્થ તેમને ભવાંતરે વા ઊગ્ર હોયતો તેજ ભવે અનર્થદાયક થાયછે. આવા અનેક અનર્થોનું ખરેખરૂં કયું ફલ ? તે તમારે અવશ્ય જાણવું જોઈએ, અનેક અનર્થ આચરવાથી શું ફલ મલે ? તેપણ વિચારવું જોઈએ તેવા અનર્થનું ફલ અસંગત મન છે. જયારે મન સંગત થયેલું એટલે સ્વભાવે સ્વસ્થ થયેલું ન હોય તો સમજવું કે તે અનર્થનું ફલ છે અનર્થના અતિ આચરણથી મન અસંગત અસ્વસ્થ થાય અને તે અસંગત થવાથી અનેક જાતની ધાર્મિક વૃત્તિનો ઊચ્છેદ થતાં મહાન્ હાની પ્રાપ્ત થાય છે. માટે પોતાના મનને સંગત કરવું અને ચપલતાના મહાદોષમાંથી તેને મુક્ત કરવું. તેથી કહ્યું કે " અનર્થનું ફલ અસંગત મન છે."

બીજા પ્રશ્નના ઊત્તરમાં કહ્યું કે, માણસને સુખ આપનારી મૈત્રી છે. મન, વચન અને કાયાની શુદ્ધિથી જે મૈત્રી કરવામાં આવે તે મૈત્રી સુખદાયક થાયછે. મૈત્રી એટલે હતબુદ્ધિ જયાં હિતબુદ્ધિ હોય ત્યાં સુખજ હોય અન્ય જનનું સર્વદા હિત ઈચ્છવું, તેના હિતને અર્થે સતત પ્રયાસ કરવો એ મૈત્રીનો સર્વોત્તમ મહાન્ ગુણછે. મૈત્રી ગુણની આવી મહત્તા જોઇ શાસ્ત્રકારો એ તેને ઊચ્ચ સ્થિતિમાં મુકેલ છે. મૈત્રી ગુણથી અલંકૃત એવા પુરૂષો દિવ્યાંશી અને પૂજ્ય છે મૈત્રી ભાવનાનો મહાન્ ગૌરવતા ભરેલો અર્થ પણ એ મૈત્રીની અંદર આવી જાયછે. મૈત્રી ભાવનામાં જે રહસ્ય સમાયેલું છે, તે રહસ્ય ધર્મ ભાવનામાં સર્વોત્તમ ગણાયછે તેથીજ કહ્યું કે, " સુખ આપનારી મૈત્રી છે "

પ્રિય શિષ્યો ! ત્રીજા પ્રશ્નના ઉત્તરમાં તમારે અંતર્વૃત્તિથી મનન કરવાનું છે આ આધિ વ્યાધિ અને ઊપાધિથી ભરપૂર એવા ભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમુદ્રમાં અનેક જાતના વ્યસન—દુઃખ ક્ષણે ક્ષણે આવ્યા કરેછે. વ્યસન શબ્દનો અર્થ દુઃખ ન લઈએ અને વ્યસનનો અર્થ ટેવ લઇએ તોપણ અનેક જાતની કુટેવ સંસારના સંબંધને લઇ થયા કરેછે. એવા બંને પ્રકારના વ્યસનને નાશ કરવામાં દક્ષ—ચતુર સર્વથા ત્યાગ છે. ત્યાગ કરવાથી તે કષ્ટરૂપ વ્યસનનો નાશ થઇ જાયછે. ત્યાગની ઉત્તમ પ્રવૃત્તિ વડે સર્વ જાતના વ્સન સ્વતઃ દૂર થઇ જાયછે. ત્યાગ એ શબ્દનો અર્થ બે પ્રકારે થાયછે. ત્યાગનો પેહેલો અર્થ સંસાર ભાવનો ત્યાગ કરવો અર્થાત્ ગ્રહસ્થા વાસથી ભિન્ન થઇ જવું. જ્યારે ગૃહસ્થા વાસમાંથી મનો વૃત્તિ ભિન્ન થાય એટલે ગૃહસ્થને લગતા સર્વ પ્રકારના વ્યસન દુઃખનો નાશ થઇજાયછે. ગૃહસ્થાવાસમાં સ્રી, પુત્ર ધન વિગેરેના સંબધથી અનેક જાતના વ્યસન આવી પડવાનો સંભવ છે ત્યાગનો બીજો અર્થ દાન કરી દેવું થાય છે. દાન કરી દેવું એટલે તેને પોતાની પાસેથી તજી દેવું તે પણ ત્યાગ કહેવાય છે. જ્યારે તેનો ત્યાગ થાય એટલે સર્વ જાતના વ્યસન—દુઃખ અથવા વ્યસન એટલે કુટેવનો નાશ થઇ જાયછે. સંસારના મોહક પદાર્થોને લઇ તેમના ઉપભોગ માટે જે જે વ્યસન—કુટેવ પડેછે, તે સર્વ ત્યાગથી નષ્ટ થઇ જાય છે. તેથી કહ્યું કે, "સર્વ વ્યસનને નાશ કરવામાં ચતુર સર્વથા ત્યાગ છે."

સૂરિશ્રી આ પ્રમાણે સંક્ષેપથી વિવેચન કરી વિરામ પામ્યા એટલે તેમના શિષ્યો અત્યંત આનંદ પામી ગયા. ગુરૂશ્રીએ કહેલા ત્રણે પ્રશ્નના વિવેચનનું મનન કરવાનો હૃદયમાં નિશ્ચય કરી તે સ્મરણમાં રાખવાને તેની બોધદાયક ગાથા નીચે પ્રમાણે તેઓએ મુખસ્થ કરી લીધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



किमनर्थफलं मानसमसंगतं का सुखावहा मैत्री ।
सर्वव्यसनविनाशे को दक्षः सर्वथा त्यागः ॥१५॥

શિષ્ય—અનર્થનું ફલ શું ?

ગુરૂ—સંગત નહીં થયેલું મન.

શિષ્ય—સુખ આપનાર વસ્તુ કઇ ?

ગુરૂ—મૈત્રી.

શિષ્ય—સર્વ વ્યસનને નાશ કરવામાં ચતુર કોણ ?

ગુરૂ—સર્વથા ત્યાગ કરવો તે.

## "મધ્યસ્થ ભાવનો મુદ્રાલેખ."

पक्षपातो नमे वीरे, नद्वेषः कपिलादिषु ॥
युक्ति मद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥१॥

**ભાવાર્થ**—ચૌદસેંહ ચુમાલીશ સૂત્ર રચનાર સૂત્રધાર શ્રી હરિભદ્ર મહારાજ પુનઃ પુનઃ મેઘનાદ કરીને સુસ્પષ્ટોચ્ચાર પૂર્વક જાહેર કરે છે કે વીરે વીરવિષયિક પક્ષે મારો પક્ષપાત નથી તેમ કપિલાદિ અન્ય મતાવલંબીયો મતાંતરીયો પ્રત્યે મારો અણગમો નથી તેમ મહાવીર પ્રભુ મારા પૂર્વજોમાં થયા નથી અને કપિલાદિ વિરોધી વંશમાં જન્મ્યા નથી. તે વીરે પોતાના ગ્રંથોમાં લખ્યું નથી કે હરિભદ્ર મારો પરમ ભક્ત થશે તેમ મારા ધર્મનો મહોદય કરનાર થવાનો હોય તો એકજ તે થશે. અને કપિલાદિકોએ કયાં પણ સ્વ પુસ્તકોમાં જણાવ્યું છે કે અમારા મતનો કટ્ટો દુશ્મન જો ગણો તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કલિકાલમાં હરિભદ્રજ થશે એવું કશુંજ નથી. તે **વીરપ્રભુએ** મને આશીર્વાદ આપ્યો નથી અને કપિલાદિકોએ પણ શ્રાપિત શબ્દો વધા નથી ઉભયપક્ષમાં મારે પરંપર સંબંધ છે પણ નિરંતર સંબંધ કોઈનાથી જણાતો નથી. ક્ષેત્રભાવે પણ કપિલાદિક પુરૂષો અને **વીર-પ્રભુ** ભિન્ન ભિન્ન ઉત્પન્ન થયા છે કાલ પરત્વે તે સઘળાઓ ચોથા આરામાં થઈ ગયા છે પાંચમાં આરામાં (કલિકાળમાં) કોઈ પણ થયો નથી. ચોકસ પૂરાવા તરીકે સઘળાના વાક્યો સિવાય કોઈપણ સજ્જડ દલીલ છેજ નહીં ઉભયના સંબંધમાં આકાશવાણી—કંઇપણ કુદરતી જવાબ થયેલ નથી, તેમજ દેવવાણી સાંભળી નથી. ઉભયની ભવિષ્ય વાણીમાં મારૂં નામ માત્ર પણ નથી તો આવા સ્વતંત્ર વિષ-યમાં મારૂં સરલતા વાળું સમાધાન એજ છે કે **યસ્ય પક્ષસ્ય** જે પક્ષનું યુક્તિવાળું વાક્ય હોય અર્થાત યુજ્મિશ્રણે એ ધાતુથી, યુક્તિ એ શબ્દ બને છે તે પૂર્વાપર સંબંધથી મિશ્રિત અર્થવાળુ સૂત્રાર્થથી અભિન્ન દ્રવ્ય ભાવ નિશ્ચય વ્યવહાર ઉત્સર્ગ અપવાદ વિગેરે પક્ષોમાં મિશ્રિત હોવું એવું અકુંઠિત શબ્દ વજ્ર વાક્ય જેઓનું હોય તેઓનું મારે સુદ્રઢ માનવા પણુંજ છે કેમકે **પુરૂષ**

**વિવાસે વચન વિવાસઃ તથૈવ વચન વિવાસે પુરૂષ વિવાસઃ**

એ નિયમ મુજબ વિસ્વાસાસ્પદ એકજ છે કે જે સ્વરૂપજ્ઞપણે જ્ઞેય પદાર્થોનું યથાસ્થિત્વે તાદાત્મય પ્રતિપાદન કરે છે તેજ સંમત છે. તેમ જેના પુસ્તકોમાં પણ સત્યાર્થે સ્વીકૃત મનાયું હોય તેવા વાક્યોનું ઉલ્લેખ માનનીય છે **વીરપ્રભુના** વાક્યોમાં અવિરોધી ભાવ (અદ્રિ-ત્વ) ભાવ દેખાય છે તેમજ અન્ય કૃત્ય ગ્રંથોમાં એ તાદૃસ રૂપ વર્તાતો હોય તો અસમીચીન નથી. વિશ્ણુ, બ્રહ્મા, ઈશ, કોઈપણ હો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યાંઇ પણ હો, અમારે કશો વિક્ષેપ આંક્ષેપ નથી કિંતુ યુક્તિ સાધ્ય હોવો ઘટે. અમારે કશી પકડ નથી. **વિશ્ણુ ભગવાન** કૃષ્ણાવતાર આવતી ચોવીશીમાં **બારમા પરમપદધારક જિન** તરીકે થશે. **શિવ સત્યકી મહાદેવ** આવતી ચોવીશીમાં **જિન** થશે. આવા પ્રસંગમાં કશો કટાક્ષ છેજ નહીં. જે જે તત્વો, પુરૂષો, વાક્યો, ગમે તે રૂપે હોય, છેવટ યુક્તિ સાધ્યવાલા હોવા જોઇએ.

યુક્તિનું ખંડન કરવું એ ગ્રંથ કર્ત્તાનું ખુન બરાબર ગણાય છે માટે યુક્તિ બદ્ધ વાક્ય વદવું, કુયુક્તિને અવકાશજ ન આપવો કારણ કે કુયુક્તિ તો ગ્રંથકારો પણ જાણતા હતા છતાં યુક્તિની સીડી પરજ ગમન કરતા હતા છતાં આપણે કુયુક્તિ સ્થાપન કરીયે તો કર્ત્તાનાં શત્રુઓનું આમંત્રણ જેવું ગણાય એટલું તો ચોકસ ખ્યાલ રાખવું કે અજ્ઞાન કરતાં જ્ઞાન સરલ સ્વચ્છ સ્વતઃ સિદ્ધ સર્વતો માન્ય હોયજ યુક્તિની શક્તિ તો અગાધ છે યુક્તિની ઉપાસના કરવાથી ઉપલબ્ધ થાય છે. શાસ્ત્રીય યુક્તિછે તેજ શાસ્ત્રોના હાથ પગ છે અને શાસ્ત્રોના હાથ પગ તેજ આપણા ખરા હાથ પગછે તેના ઉપરજ વર્તન વ્યવહાર છે. આ મધ્યસ્થ ભાવ સઘળાને આશીર્વાદ રૂપ છે. પરમાચાર્ય ભગવાન **શ્રી હરિભદ્ર પ્રભુ** મુદ્રાલેખ કોતરી દરેકને સમ્યકત્વ બોધ આપે છે તે બોધ શ્રેયસ્કર થાઓ એજ !!!

લી. મુનિ રત્નવિજય
ખાણાર.

For Private And Personal Use Only